## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

### સલામી સવારની..

કુટુંબમાં ય થયા ન કોઇના છતાં હૈયું ભારે છે
તારે ઉદ્યોગપતિઓને વિકાસ તો માત્ર નારે છે
મારે છે સો ઉંદર બિલ્લી, દિલ્હીની યાત્રા જતાં પ્હેલાં -
હૃદય રાખે છે કઠોર ફેસબુકમાં આંસુ સારે છે..

### હાઈકુ

ખૂરશી મળે
દેવ દેખાતા નેતા
થાય દાનવ...

અડવાણીને -
યાદ આવી છે કેમ?!
'કચરા પેટી!!'

### ચિંતન

*યસ્ય નાસ્તિ પ્રજ્ઞા શાસ્ત્ર તસ્ય કરોતિ કિમ્ ।*
*લોચનાભ્યામ્ વિહીનસ્ય દર્પણઃ કિં કરિષ્યતિ ॥*

ચાણક્યનું નીતિશાસ્ત્ર કહે છે જે વ્યક્તિ પાસે સ્વયં વિચાર કરીને 'નિર્ણય' લેવાની શક્તિ નથી હોતી તેનું શિક્ષણ-અભ્યાસ-ડીગ્રીઓ તેના કોઇ જ ઉપયોગમાં નથી આવતું :

જે વ્યક્તિ પાસે પોતાની બુદ્ધિ-શક્તિ 'વિવેક' નથી હોતો. તેનું, શાસ્ત્ર પણ કોઇ કલ્યાણ નથી કરી શકતું. જેની પાસે આંખો-દૃષ્ટિ નથી તેવા પ્રજ્ઞાચક્ષુ માટે દર્પણની સાર્થકતા? અર્થાત્ જો વિવેક બુદ્ધિપૂર્વકની નિર્ણય ન હોય તો 'શાસ્ત્રો જ્ઞાન' નો શું અર્થ?

જેમની પાસે બુદ્ધિ-અનુભવ-ગણતર નથી એમના ભણતરનો કોઇ જ અર્થ નથી. અભ્યાસ અને ડીગ્રીઓનો ખડકલો કરી રાખવાનું કોઇ જ મહત્ત્વ નથી. જેને આત્મા દ્વારા સત્ય-અસત્ય, સાચું-ખોટું, કર્તવ્ય અકતૃમ' ની દૃષ્ટિ હોય તેને જ વેદશાસ્ત્રો-પદવીનું જ્ઞાન સાર્થક થઇ મદદરૂપ-માર્ગદર્શન સાથે છે.

જેનામાં બુદ્ધિ-નિર્ણય શક્તિનો 'વિવેક' નથી અને અભ્યાસ-ભણતર-ડીગ્રીનો કોઇ જ સાથ-મદદ મળતી નથી. અહીં 'અંધ કો આરસી કયા' ની કહેવતનો સરસ ઉપયોગ દૃષ્ટાંત તરીકે કર્યો છે.

### સુવિચાર

- અપૂરતું જ્ઞાન અને જો એમાં ઉતાવળ ભળે તો જિંદગીના હાથનો માર નક્કી પડ્યો જાણવો **- ઝેન કથન**
- સંઘર્ષ પછીની સિદ્ધ અને સિદ્ધિ પછીના સંઘર્ષમાં કોઇ તફાવત ના રહ્યો.. પહેલા મેળવવા અને પછી ટકાવવા ઝઝૂમતો રહ્યો **- ચેતન ભગત**
- ઇશ્વરને પામવા ભક્તિને ભાવ જોઇએ... એક નિખાલસ સ્વભાવ જોઇએ, જીવનમાં સંસ્કારોની વાવ જોઇએ.. સત્યના સમુદ્રમાં ટકી શકે તેવી નાવ જોઇએ **- અરમાન શેખ**
- ચડી આવે કદી ભૂખ્યો કોઇ, એને હાંકી કાઢે છે... નથી કોઇ પેટ જેવું એને અન્નકુટ જમાડે છે.. કરાવે છે ખાલી મકાનો, મંદિરો બાંધવા માટે.. અહીં માનવને મારી લોકો ઇશ્વરને જીવાડે છે **- બેફામ**
- ઇશ્વર જયારે તમારી મુશ્કેલી દૂર કરે ત્યારે તમે તેની શક્તિમાં વિશ્વાસ મુકો છો, પણ જયારે દૂર ન કરે ત્યારે સમજી લેવું કે તેને તમારી શક્તિ અને ક્ષમતા પર વિશ્વાસ છે- **ડોંગરેજી મહારાજ**
- સમયની સાથે ચાલવું, સમયની સાથે રહેવું તેના કરતા સમયને ઓળખીને ચાલવું ઉત્તમ છે. **- ગાંધીજી**
- જુઠાં માણસને મિત્ર, પુણ્ય કે યશ કંઇ જ મળતું નથી **- ગુરૂ નાનક**

*(સંકલન : દીપક વી.આસરા)*

### બોધ કથા

આજના યુગમાં ભાગીદારીમાં બેઇમાની, કુટુંબીજનોની જ જમીન પડાવી લેવી, પૈસા માટે મા-બાપ-સાસુના ખૂન અને બમણા કરી આપનારા ઠગોની કમી નથી-નૈતિકતાના અને પ્રમાણિકતા ઠગારાઓને ઘેર પાણી ભરે છે..

દેશબંધુ ચિત્તરંજનદાસના પિતાજી વેપારી હતા પણ ઉદાર અને સેવાભાવી હતા. એમાં ને એમાં એમને મોટી ખોટ ગઇ. લેણદારો ખૂબ થઇ ગયા. કોર્ટે એમને 'નાદાર' જાહેર કરવા પડ્યા.

વર્ષો પછી ચિત્તરંજનદાસ મોટા વકીલ થયા અગ્રણી ધારાશાસ્ત્રી તરીકે એમની આવક પણ ખૂબ હતી એ પિતાજીના જૂના વકીલ પાસે ગયા અને પિતાજીના લેણદારોની યાદી માગી. વૃદ્ધ વકીલે સલાહ આપી. કાયદાની દૃષ્ટિએ નાદાર પિતાના લેણાની જવાબદારી હવે તમારી રહેતી નથી. લેણદારોને કરજ નહીં ચૂકવો તો કંઇ જ વાધાં જેવું નથી.

ચિત્તરંજન દાસબાબુ એ કહ્યું - મારા પિતાને કરજ આપી ઉપકાર કરનારાનો હું ઋણી છું કાયદો કંઇ જીવનનું નિર્ણાયક પરીબળ નથી, પ્રામાણિકતા અને નીતિ જ મોટો કાયદો છે. મારો અંતરાત્મા એ બધા લેણદારોને તેમના નાણા પરત આપવામાં કહે છે અને દાસબાબુએ એ બધાનું કરજ ચૂકવી દીધું.

Email - sureshchandrabhatt18@gmail.com

# ભારત : એક દેશ... અનેક વિરોધિતાઓ

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

ભારત વિરોધિતાઓનો દેશ છે! આશ્ચર્ય પણ ઓછું પડે એટલી બધી વિરોધિતાઓ એકસાથે ભાગ્યે જ કોઈ સમાજમાં આટલી હદે સપાટી પર દ્રશ્યમાન ક્યાય નહિ હોય ! ઈન્ડિયા ભારત હિન્દોસ્તાં....રાજનેતાઓ અને આંકડાઓ ખિસ્સામાં રાખી ને ફરનારા વિશેષજ્ઞો એ ગરીબી રેખા ની ઉપર અને નીચે કરી નાખેલું ભારત..!

કેટલાક વરસો પહેલાં પી. સાઈનાથ નામનો વિખ્યાત પત્રકાર ભારતભરના સૌથી ગરીબ જિલ્લાઓ અને ગામો ખુંદવા બેઠો ...

એ ગામો જયાં માતાઓ સ્વાસ્થ્ય સેવાઓ ના અભાવે અને અંધશ્રધ્ધાને કારણે મરી રહી હતી... જયાં પીવા ના પાણીની તરસ કોઈ દિવસ સુકાતી જ ન હતી, એ ગામો જયાં ડોકટરો સરકારી પગારો પર પોતાની પ્રાયવેટ ક્લિનિકોના પાયા ખોદતા હતા, એ ગામો જયાં યોજનાઓ ફક્ત સરકારી દસ્તાવેજો પર જામેલી ધૂળ જેવી જ નક્કામી બની ગઈ હતી... આ ભારતના એ ગામો હતા...જયાં ચમકતી ઓફીસો માં બેસનારા અખબારી તંત્રી ની કે ટીવી ચેનલોના કેમેરાઓની નજર પહોચતી ન હતી!

એ ગામો જયાં લાલબતીઓના અંધારાઓમાં ખોવાઈ ગયેલા અફસરો અને નેતાઓ વીજળીના ચંદ બલ્બોમાં અજવાળા ન હતા ભરી શક્યા .... એ ગામો જયાં ફાલ્સીપારમ મલેરિયા ના પ્રજીવો નું એકહથ્થુ સામ્રાજય હતું અને ગામ ના ભૂવાઓ અને નકલી ડોકટરો માત્ર મંત્રો અને સેલાઈન ડ્રીપ થી જ એની સામે લડી રહ્યા હતા...કોઈ પણ રોગ સામે ટેટ્રાસાયકલીન એક માત્ર ઈન્જેકશન હતું... જયાં લાખો રૂપિયા નો રોડ માત્ર લાલ માટી અને પથરાઓ નો લાંબો પથારો જ હતો! આ એ ભારત હતું જયાં નર્સો કરતા ડોકટરો વધુ હતા અને રોજ મરવા માટે જીવતું ભારત...જીવતા જીવતા મરી રહ્યું હતું ...

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાની રૂરલ ફેલોશીપ નીચે લાંબો સમય સુધી ગામડાઓમાં રહીને શોધ કરનારા પી.સાઈનાથે સરકારી યોજનાઓ સામે સવાલિયા નિશાન ઉભા કરી દીધા! એ અંતર બતાવી દીધું જેમાં લાભકર્તા ને સ્પષ્ટ લાભ કોઈ જ નહતો ! કોન્ટ્રાક્ટરો ની દાદાગીરીઓ સામે ઝુકી પડતા પેરામીશીય્મ તંત્ર સામે હવે એક તર્ક-સંમત આક્રોશ હતો. કાગળોની ના આસમાની દુનિયા અને માણસોની વાસ્તવિક દુનિયા વચ્ચે પ્રકાશ-વર્ષો હતા...! અનુભવ-વિહીન અને વાસ્તવિક પરિસ્થિતિઓ થી અપરિચિત પ્રશાસન યોગ્ય પરિણામ આપી શકતું નથી ...

એવરીવન લવ્સ અ ગુડ ડ્રોટ : નામે પ્રકાશિત થયેલા તમામ રીપોર્ટસ ગ્રામીણ ભારતની એ તસ્વીર રજુ કરે છે જેની સંવેદનાનો અનુભવ કરવા એ જીવન જીવવું પડે. ઓડીશાના નૌપાડા ગામની વાત છે - ચોમાસા સિવાયના સમય માં ગામ લોકો ને ખેતી સિવાય રોજગારી આપવાની વાત છે...ઈરાદો સારો છે પણ રસ્તો જુઓ . આ ગામમાં દુગ્ધ ઉત્પાદન સારું છે... અહિયાં ખરીયાર પ્રકાર ના બળદ થાય! પણ કહેવાતા વૈજ્ઞાનિક અભિગમથી પ્રેરિત થઈને અધિકારીઓ એ જીદ પકડી જર્સી પ્રજાતિના બળદો સાથે સ્થાનિક ખરીયાર ગાયોના સંવનનની! હવે સંવનન ની કુદરતી પ્રક્રિયા રોકવા માટે આ અધિકારીઓ એ બહુ મોટા પાયે ખરીયાર બળદો નું ખસીકરણ શુરુ કર્યું અને ખસીકરણ માટે આખી ફોજ ફરી વળી! આ ગામ માં દુગ્ધ ઉત્પાદન પુષ્કળ હતું એ ભૂલશો નહિ..! પરિણામ જે સંકર ગાયો પેદા થઈ એ બહુ જુજ અને કુદરતી રીતે જ જે સંવનન કરતી એ ખરીયાર ગાયો અને બળદો ની સંખ્યા સાવ ઘટી ગઈ. દૂધના ઉત્પાદન માં જે જીલ્લો આગળ હતો ત્યાં જ દૂધની કિલ્લત સર્જવા લાગી! ખરેખર ચોમાસા સિવાય ના સમય માં ગ્રામ લોકો ને જરૂર હતી અન્ય રોજગાર વ્યવસ્થા ની ... પણ એક અવિચારી પગલા ના પરિણામ સ્વરૂપ એક જીલ્લાનું આર્થીક પરિદ્રશ્ય બદલાઈ ગયું.

બિહારના કેટલાક ગામડાઓ માં નકલી ડોકટરો જેમને માત્ર કમ્પાઉન્ડરી નો અનુભવ નામ આગળ ડો. લગાવવા પૂરતો લાગ્યો, તેમણે ફક્ત યાદશક્તિના આધારે કેટલાક ઈન્જેક્શન અને ગોળીઓ આપવાનો ધંધો શરુ કરી દીધો છે... માણસના લોભ અને મજબૂરી સામે ઝીંદગી ની કોઈ કિમત નથી કદાચ.

આદિવાસી વિકાસ ના નામે બનતા ખાલી માટી ના રસ્તાઓ પાછળ લાખો રૂપિયા ખર્ચાઈ રહ્યા છે ... એવા રસ્તાઓ જે ક્યાય જઈ નથી રહ્યા...

વિરોધિતાઓ અંતહીન છે અને પ્રયાસો દિશાહીન....

આ પુસ્તક ના એક એક પૃષ્ઠ પર એક નિરર્થકતા - એક શૂન્યતા ઝળકી રહી છે....

એના શબ્દો અને આ ઘટનાઓ તમને અડે નહિ....તો એક માણસ તરીકે તમારા પર પ્રાર્થના.. કરતા અચકાશો નહિ ...

- ch9723367947@yahoo.com

# શાળા અને જીવનમાં એ તફાવત છે કે શાળામાં તમે પાઠ શીખીને પરીક્ષા આપો છો, જયારે જીવનમાં તમે કસોટીમાં પસાર થઇને શીખો છો

**જીવનની પાઠશાળા**
**અક્ષયપાત્ર**
**- બકુલ દવે**

**The difference between school and life : In school yoy learn a lesson and give test. in life you learn a lesson form giving test. - Anonymous**

(શાળા અને જીવનમાં એ તફાવત છે કે શાળામાં તમે પાઠ શીખીને પરીક્ષા આપો છો, જયારે જીવનમાં તમે કસોટીમાં પસાર થઇન શીખો છો.)

શાળામાં માણસ ભણે છે અને જીવન દરમિયાન પણ એ કંઇ ને કંઇ શીખતો રહે છે. કશું શીખવી ન શકે અને માત્ર પુસ્તકિયું જ્ઞાન આપે તે શાળા નથી, તે રીતે જે જીવન માણસને કશું શીખવે નહીં. તેમાં જીવવાની સાર્થકતા પ્રગટ થતી નથી. અલબત્ત, શાળામાં ભણવું અને જીવન દ્વારા જીવતાં જીવતાં શીખતા રહેવું તે બંનેમાં તફાવત છે. શાળામાં શિક્ષકો શીખવે છે, જીવનમાં અનુભવો થતા રહે તે સ્વયં શિક્ષક બની રહેતા હોય છે. એક વર્ગમાં શિક્ષક અનેક વિદ્યાર્થીઓને શીખવે છે. પણ બધા એકસરખા શીખતા નથી, તે રીતે દરેક પોતપોતાના અનુભવમાં ઓછુવત્તું શીખતા હોય છે. શાળામાં ભણીને પરીક્ષા આપવાની હોય છે, પણ જીવનમાં થતા અનુભવોમાંથી - કસોટીમાંથી પસાર થઇને શીખવાનું હોય છે. દરેક ભૂલ અને ઠોકરમાંથી શીખવાનું હોય છે. જીવન આખું ટ્રાયલ એન્ડ એરરથી ઘડાય છે.

જીવનમાં વારંવાર ઠોકર ખાવાનો અનુભવ થતો રહે છે પણ હૈયે હામ રાખી, નિરાશાને નજીક ફરકવા દીધા સિવાય એમાંથી કંઇક શીખતાં રહીને જીવવું એનાથી જ અપૂર્ણથી સંપૂર્ણ તરફની યાત્રાનો માર્ગ પ્રશસ્ત થયો હોય છે.

પચાસના દાયકામાં બનેલી હિંદી ફિલ્મ 'સીમા'ની વાર્તામાં ઠોકર ખાતી - અનુભવોમાંથી શીખતી યુવતીની વાત સંવેદનાને સ્પર્શી જાય એવી સરસ રીતે રજૂ થઇ છે. એમા મહંમદ રફીએ એક ગીત ગાયું છે. એ ગીતમાં વચ્ચે આવતી પંક્તિઓ છે,

"જો ઠોકર ન ખાતે નહીં જીત ઉસકી,
જો ગીર કે સંભલ જાયે હૈ જીત ઉસકી..."

જીવનનો રસ્તો ઉબડખાબડ છે. હર પળે કસોટી છે. ઠોકર વાગે તે જરૂરી છે, પણ ઠોકર ખાતા પછી જાતને સંભાળી લેવાની હોય છે. એમાં જ જીવનની સફળતાનો મર્મ છુપાયેલો છે. શાળાની પરીક્ષામાં અભ્યાસક્રમ નક્કી હોય છે. જીવનમાં કેવી રીતે કસોટી થતી રહેશે તે નક્કી હોતું નથી. જીવન દરમિયાન થતી કસોટીમાંથી ઉત્તીર્ણ થવાના પુરાવારૂપે માર્કશીટ મળતી નથી કે નથી મળતું કોઇ પ્રમાણપત્ર. જીવંત કસોટીમાંથી પસાર થયા પછી માણસનો અભિગમ માનવીય બને, દૃષ્ટિ વિધાયક બને એ જ એની માર્કશીટ અને પ્રમાણપત્ર.

શાળામાં ભણ્યા પછી કોઇ જીવનમાં સફળ થશે જ એવી ખાતરી હોતી નથી. એનું શિક્ષણ ઔપચારિક હોય છે, જેને લઇને જીવનમાં પણ પછી ઔપચારિકતા ઉમેરાઇ જતી હોય એવું જણાય છે. જીવનનું શિક્ષણ અનૌપચારિક છે, એટલે એમાં કશું ગોઠવાયેલું કે નક્કી નથી હોતું. કોઇ પણ ક્ષણે પરીક્ષા આપવા માટે, કસોટીમાંથી પાર ઊતરવા માટે એમાં તૈયાર રહેવું પડે છે.

શાળાની પરીક્ષામાં સારૂં પરિણામ લાવી વિદ્યાર્થી સ્કોલર બને છે. જિંદગીમાં થતી કસોટીમાંથી હેમખેમ પસાર થતી વ્યક્તિ પાસે અનુભવોનું ભાથું વધતું જાય છે. જીવનને નજીકથી જોવાની એને તક સાંપડે છે, જે એને મનુષ્યત્વની ખાસ ઊંચાઇ પર લઇ જાય છે. એક વિધાન છે. એમાં જિનિયસની વ્યાખ્યા કરી છે. **'Genius-which trancendent capacity of taking troubles, first of all.'** મેધાવી એ છે કે જે સૌ પહેલાં સમસ્યાઓનો સામનો કરવાની મહત્ત્વ ક્ષમતા ધરાવે છે.

# ગુજરાતના વિકાસના મંત્રદ્રષ્ટા નરેન્દ્રભાઈ અને... ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી

**સંસ્થા પરિચય**
**- હર્ષદ પ્ર. શાહ**

પૃથ્વી નામના ગ્રહ પરની એક અજોડ ઘટના એટલે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની ગાંધીનગર, ગુજરાતમાં સ્થાપના.

અજોડ ઘટના એટલા માટે કે જગતની કોઈ યુનિવર્સિટી અજન્મા બાળકથી ૧૮ વર્ષના તરુણના સર્વાંગીણ વિકાસનું લક્ષ્ય નથી સેવતી.

ઈંગ્લૅન્ડમાં, યુરોપમાં, બોસ્નિયા - સારાજેવોમાં અને શાંગહાઈ (ચીન) માં 'ચિલ્ડ્રન્સ' શબ્દનો ઉપયોગ કરી યુનિવર્સિટી કે ૭ થી ૧૪ વર્ષના બાળકોની પ્રવૃત્તિઓના વિભાગો ચાલે છે, પણ જગતની આ એકમાત્ર યુનિવર્સિટી એવી છે જે ગર્ભાધાન સંસ્કાર-પ્રક્રિયાથી ઉત્તમ સંતતિનું આવાહન અને અવતરણ કરવાની દિશા ચીંધે છે અને એને ઉત્તમ મનુષ્યના રૂપમાં સમાજને ચરણે ધરવાનું સ્વપ્ન સેવે છે.

આ વિચારના સ્વપ્નદ્રષ્ટા છે - ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી. એ કેવળ સ્વપ્નદ્રષ્ટા જ નથી,

મંત્રદ્રષ્ટા પણ છે. એમના મનમાં એક અદ્‌ભુત મંત્રનો આવિર્ભાવ થયો...

'પ્રત્યેક બાળક મહત્ત્વનું છે' - **Every child matters.**

આ મંત્રને સાકાર કરવા એમણે એક તંત્રને પણ જન્મ આપ્યો, જેનું નામ છે—ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી.

૯ મી જૂન, ૨૦૦૮ નો દિવસ. દેશના અગ્રગણ્ય શિક્ષણવિદોના એક કાર્યશિબિરમાં સર્વ પ્રથમ આ વિચાર નરેન્દ્રભાઈએ રજૂ કર્યો. પ્રસ્તુત કાર્યશિબિરમાં એમણે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' ની આવશ્યકતા અંગે વિગતવાર સમજ આપી. તેમણે એવો નિર્દેશ કર્યો હતો કે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' મુખ્યત્વે બાળસંબંધી વિષયોના સંશોધન પર કેન્દ્રિત હશે. તેમણે જણાવ્યું કે આજના યુગના બાળકોને અનાવશ્યક દબાણના ભાર નીચે રાખવામાં આવે છે, આ પરિસ્થિતિમાં સુધારો લાવવો અત્યંત આવશ્યક છે. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું કે, આધુનિક જગતમાં વિભક્ત કુટુંબોની રચના ઝડપથી થઈ રહી છે અને 'માવજત અને સુરક્ષા' જે બાળકોનો નૈસર્ગિક અધિકાર છે તેને હાંસિયામાં ધકેલવામાં આવી રહ્યો છે. આ સંદર્ભમાં સંકલ્પના સ્પષ્ટ કરતાં એમણે કહ્યું કે માત્ર શારીરિક આરોગ્ય જ નહીં, પરંતુ માનસિક આવશ્યકતાઓના સંદર્ભમાં તમામ જરૂરી સહાય અને સંભાળ સુનિશ્ચિત કરવા માટે 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' એ આગળ આવવું જોઈએ, જેથી આજના અને આવતીકાલના બાળકો સમગ્ર સમાજ દ્વારા પૂરી પડાયેલી લાગણીની ઉષ્માના કાળજીભર્યા વાતાવરણમાં ઉછેર પામી પોતાના સંપૂર્ણ વ્યક્તિત્વને વિકસાવી શકે. આવી પૂર્ણ વિકસિત વ્યક્તિઓ જ પોતાનાં શ્રેષ્ઠતમ કૌશલ્યોથી દેશ માટે અને સમગ્ર માનવતાની સેવા કરવા માટે સક્ષમ હોય છે.

આ કાર્યશિબિરમાં ભાગ લેનારા તમામ શિક્ષણવિદોએ આ વિચારને આવકારીને તેના સંદર્ભમાં ઘણાં ઉપયોગી સૂચનો કર્યાં હતાં. દિ. ૧૨ મી સપ્ટેમ્બર, ૨૦૦૮ ના રોજ ઋષિતુલ્ય વ્યક્તિત્વ ધરાવતા શ્રી કિરીટભાઈ જોશીના અધ્યક્ષસ્થાને 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' ની સ્થાપના માટેની રૂપરેખા તથા કાર્યયોજના બનાવવા માટે એક ટાસ્કફોર્સની રચના ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવી.

આ ટાસ્કફોર્સમાં નીચેના શિક્ષણવિદોનો સમાવેશ કરવામાં આવ્યો હતો—

(૧) પ્રો. કિરીટભાઈ જોશી, અધ્યક્ષ (૨) પ્રો. જે. એસ. રાજપૂત (૩) પ્રો. એમ. મુખોપાધ્યાય (૪) પ્રો. પ્રેરણાબહેન મોહિતે (૫) ડૉ. અમરજિત સિંગ (૬) શ્રી સંજય નંદન (૭) શ્રી દીનાનાથ બત્રા (૮) ડૉ. વિનય સહસ્રબુદ્ધે (૯) ડૉ. હસમુખભાઈ અઢિયા (૧૦) શ્રીમતી અનિતા કરવાલ (૧૧) ડૉ. એમ. પી. છાયા (૧૨) શ્રી મુકેશકુમાર (૧૩) ડૉ.અભયકશ્યપ (૧૪) ડૉ. મથ્થીજ કોર્નેલીસન (૧૫) મિસીસ ચિતવન મિત્તલ (૧૬) શ્રીમતી જયંતી રવિ, સભ્ય સચિવ

આ ટાસ્કફોર્સની પ્રથમ, દ્વિતીય અને તૃતીય બેઠક અનુક્રમે દિ. ૬-૭ ઓક્ટોબર, ૨૦૦૮; દિ. ૨-૩ જાન્યુઆરી, ૨૦૦૯ અને દિ. ૧૯-૨૦ માર્ચ, ૨૦૦૯ ના રોજ મળી હતી.

આ બેઠકો દરમિયાન, ટાસ્કફોર્સ દ્વારા 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ના દૂરગામી દર્શન **(Vision)** ધ્યેય **(Mission)** અને હેતુઓ **(Objectives)**ની સંરચના કરવામાં આવી હતી. સાથોસાથ યુનિવર્સિટીનાં કાર્યક્ષેત્રો જેવાં કે સેવાઓની વિગતો નક્કી કરીને યુનિવર્સિટીના સમગ્ર માળખાની પણ ચર્ચા કરવામાં આવી.

'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી' માટે મુસદ્દો **(Bill)** ઘડવા માટે ટાસ્ક-ફોર્સના અધ્યક્ષ અને સભ્ય-સચિવશ્રીની બનેલી એક ખાસ સમિતિની રચના કરીને તેમાં ડૉ. અભય કશ્યપ તથા પ્રો. જે. એસ. રાજપૂતનો સમાવેશ કરવામાં આવ્યો. કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ અને આચાર્ય શ્રી એમ. આર. ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ શિક્ષણ વિભાગમાં વિધેયકના મુસદ્દાને ફરીથી ઘડવામાં આવ્યો.

કેબિનેટની મંજૂરી બાદ માનનીય શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરા દ્વારા દિ. ૨૮ મી જુલાઈ, ૨૦૦૯ ના રોજ વિધેયક વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વિધેયકની ચર્ચામાં વિધાનસભાના ઘણા સભ્યશ્રીઓએ ભાગ લીધો અને ચર્ચાને અંતે વિધાનસભાએ વિધેયક પસાર કર્યું.

ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રીએ દિ. ૩૧ મી જુલાઈ, ૨૦૦૯ ના રોજ અનુમતિ આપ્યા પછી આ વિધેયક ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી એક્ટ, ૨૦૦૯ (બાળ વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૨૦૦૯) નું સ્વરૂપ પામ્યું. દિ. ૧૬ જાન્યુઆરી, ૨૦૧૨ ના દિવસે મેં આ યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ તરીકે કાર્યભાર સંભાળ્યો. એક સત્ત્વશીલ કાર્યમાં જોડાવાનો અવર્ણનીય આનંદ હતો. ગુજરાતના સુવર્ણજયંતી વર્ષ ૨૦૧૦-૧૧ માં 'વાંચે ગુજરાત' ના એક મહાન વૈચારિક આંદોલનના નિમિત્ત બન્યાના અનેરા આનંદ પછી તરત ૧૦ મહિનામાં મને મા. શ્રી નરેન્દ્રભાઈએ આ કામમાં જોડ્યો એ મારું સદ્‌ભાગ્ય હતું.

મનુષ્યની વાવણીનું કામ કરવાનો અવસર મળ્યો. તન-મન-હૃદયમાં ઊર્જાનો સંચાર હતો. એક નવા જ પ્રકારના કામનો ચીલો ચાતરવાનો હતો. અનેક પડકારો હતા. પણ કામનો પ્રકાર જ એવો હતો કે હું **Self charging battery** ની જેમ કાર્યશીલ બન્યો. અત્યારે યુનિવર્સિટીના સંવિધાનને અનુરૂપ કેટલાંક મહત્ત્વનાં કામો ચાલી રહ્યાં છે.

ગર્ભવતી મહિલાઓને ઉત્તમ સંતાન મેળવવા માટે માર્ગદર્શન કેન્દ્રો શરૂ થયાં છે જે 'તપોવન સંશોધન કેન્દ્ર' ના નામે ઓળખાય છે. અત્યારે ગુજરાતમાં આવાં ૧૩ કેન્દ્રો કાર્યરત છે.

જેની યાદી આ પ્રમાણે છે—

(૧) ત્રિભુવનદાસ ફાઉન્ડેશન, આણંદ
(૨) ત્રિભુવનદાસ ફાઉન્ડેશન, તારાપુર, તા. તારાપુર
(૩) એલોપેથિક ડિસ્પેન્સરી, થામણા, તા. ઉમરેઠ
(૪) કૉમ્યુનિટી હેલ્થ સેન્ટર, સારસા, તા. આણંદ
(૫) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, દાવોલ, તા. બોરસદ
(૬) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રૂપાલ, તા. ગાંધીનગર
(૭) ભણસાલી ટ્રસ્ટ, સમી, તા. સમી
(૮) ભગિની સમાજ, દાહોદ, તા. દાહોદ
(૯) ભાવનગર મહિલા મંડળ, ભાવનગર
(૧૦) સંતરામ મંદિર, નડિયાદ
(૧૧) કામદાર રાજ્ય વીમા યોજના **(ESIS) D-36** નું મણિનગર ખાતે દવાખાનું, અમદાવાદ
(૧૨) સ્વ. રતિલાલ વઘાસિયા સ્મારક ટ્રસ્ટ, ધોરાજી, તા. ધોરાજી
(૧૩) શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક હૉસ્પિટલ, ઈસનપુર મોટા, તા. ગાંધીનગર.

અત્યાર સુધીમાં આશરે ૧૯૦૦૦ જેટલી સગર્ભા બહેનોએ આ કેન્દ્રોમાં માર્ગદર્શન મેળવ્યું છે, વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે અને ઉત્તમ, સ્વસ્થ અને તેજસ્વી બાળકોને જન્મ આપ્યો છે. આવો જ બીજો મહત્ત્વનો પ્રકલ્પ એટલે . રાજ્યનાં ૨૧ વિદ્યાલયોને આ યોજના હેઠળ પ્રાયોગિક ધોરણ જોડાણ આપ્યું છે. વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસના લક્ષ્યની પૂર્તિ માટે વિદ્યાલયને પૂરક અને પોષક બનવાનું કામ યુનિવર્સિટી કરી રહી છે. ગુજરાતની અનેક શાળા-સંસ્થાઓમાં જઈને હું તથા યુનિવર્સિટીના સહ-કાર્યકર્તાઓ બાળશિક્ષણ અંગેનું માર્ગદર્શન શિક્ષકો, વાલીઓ અને નાગરિકોને આપીએ છીએ. આ વિદ્યાલયોના શિક્ષકોનું વિવિધ વિષયોમાં પ્રશિક્ષણ તથા વાલી પ્રબોધન જેવાં કામો પણ સતત ચાલી રહ્યાં છે.

આગામી દિવસોમાં યુનિવર્સિટી દ્વારા ગુજરાતની સ્કૂલો માટે એક્રેડિટેશનનું કામ પણ શરૂ થવાનું છે. અનેકવિધ માપદંડો દ્વારા વિદ્યાલયોનું મૂલ્યાંકન અને એ દ્વારા એમનું સ્તર ઊંચું લાવવા માટે આ પ્રક્રિયા અત્યંત મહત્ત્વની બની રહેશે.

યુનિવર્સિટીનું એક અત્યંત મહત્ત્વપૂર્ણ કામ છે સંશોધનનું. ૧૮ વર્ષ સુધીના વિદ્યાર્થીઓના સર્વલક્ષી વિકાસનાં વિવિધ પાસાંઓનું સંશોધન હાથ ધરાયું છે. ૨૦ જેટલા સામાજિક સંવેદના ધરાવતા વિષયો સર્વે અને સંશોધન માટે પસંદ કરાયા છે અને આગામીછમહિનામાં એનાં તારણો અને નિષ્કર્ષો મળવાની સંભાવના છે.

વાલીઓનો દિશાબોધ પણ પ્રવર્તમાન સમયનો અતિ મહત્ત્વનો મુદ્દો છે. પરિવારોના માર્ગદર્શન માટે 'વિદ્યાનિકેતન' 'પરિવારની પાઠશાળા' નો એક વિશિષ્ટ એવો અભ્યાસક્રમ તૈયાર થઈ રહ્યો છે, જે દ્વારા ગુજરાતમાં માતા-પિતા-પરિવારજનો ઉત્તમ પ્રશિક્ષણ મેળવશે.

બાળકોના સર્વાંગીણ વિકાસનું એક ખૂબ મહત્ત્વનું અંગ છે સંગીત. આ ક્ષેત્રે પણ યુનિવર્સિટી દ્વારા 'બાલ સ્વરવિશ્વ' નામના પ્રકલ્પ હેઠળ ત્રણ ઑડિયો સીડીનું નિર્માણ કરવામાં આવ્યું છે જેમાં એક બાળગીતોની, બીજી પ્રેરણાગીતોની અને ત્રીજી દેશભક્તિ ગીતોની છે. કુલ ૩૫ ગીતોને ખ્યાતનામ ગાયકોએ ગાયાં છે અને શ્યામલ-સૌમિલ મુનશી, રવિન નાયક અને પરેશ નાયક જેવા સંગીતકારોએ સંગીતથી મઢ્યાં છે. આંગણવાડી, પ્રાથમિક-માધ્યમિક શાળાઓ, સંસ્થાઓ અને પરિવારો માટે ખૂબ ઉપયોગી એવી આ સીડી સંસ્કારક્ષમ વાતાવરણની નિર્મિતિ કરવામાં સફળ થશે એવી આશા છે.

યુનિવર્સિટી દ્વારા નિયમિતપણે એક માસિક મેગેઝિન 'બાળવિશ્વ' પ્રકાશિત થાય છે જેની ૯૦૦૦ નકલો ગુજરાતના ખૂણે ખૂણેજાયછે. ગર્ભશિક્ષણ તથા વાર્તાઓ અને બાળશિક્ષણ સંબંધી અત્યાર સુધીમાં ૯ જેટલાં પુસ્તકોનું પ્રકાશન થયું છે.

યુનિવર્સિટીની વેબસાઈટ **www.cugujarat.ac.in** પર દર મહિનાની ૧૨મી અને ૨૭ મી તારીખે ૪-૪ વાર્તાઓ ચિત્ર સહિત મૂકવામાં આવે છે. અત્યાર સુધીમાં લગભગ ૩૫૦ થી વધારે વાર્તાઓનો ખજાનો વેબસાઈટ પર છે. એ જ દિવસે કુલપતિના પ્રબોધનાત્મક પત્રો પણ મૂકવામાં આવે છે.

આવિષ્કાર નામના એક વિશેષ જીવનલક્ષી અભ્યાસક્રમની રચનાનું કાર્ય પણ હાથ ધરાયું છે, જે વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસનું મહત્ત્વનું અંગ બની રહેશે.

આમ, આવી અનેકવિધ પ્રવૃત્તિઓના વૈવિધ્ય વચ્ચે પણ પરિસંવાદો, કાર્યશાળાઓ, કોન્ફરન્સ, વ્યક્તિત્વ વિકાસ શિબિરનાં આયોજનો થતાં રહે છે.

ભવિષ્યમાં... સંભવત : જૂન-૨૦૧૪ થી કેટલાક વિશેષ અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવનાર છે, જેમાં આંગણવાડીની બહેનો માટે સર્ટીફિકેટ કોર્સ, પૂર્વ પ્રાથમિક વિભાગના શિક્ષકો માટેનો અભ્યાસક્રમ, **PTC** અને ના **B.Ed.**વિદ્યાર્થીઓ માટે **Addon** કોર્સ, ટોડલર્સ રિસર્ચ સેન્ટર, પીએચ.ડી. તથા કેટલાક ડિપ્લોમા અભ્યાસક્રમોનો સમાવેશ થશે.

ગાંધીનગરની તથા આજુબાજુની ૩૨ જેટલી સરકારી શાળાઓના આચાર્યો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ સાથે યુનિવર્સિટીનો જીવંત સંપર્ક છે. એમાંની બોરીજમાં ચાલતી એક સરકારી શાળાના ૩૦ જેટલા વિદ્યાર્થીઓને **Animation**ના એક વિશેષ કાર્યક્રમનું શિક્ષણ 'ઉમા સ્કૂલ ઓફ એનિમેશન' નામની અમદાવાદની સંસ્થાની મદદથી અપાઈ રહ્યું છે. આની મદદથી વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસક્રમને લગતા પ્રોજેક્ટ જાતે તૈયાર કરે છે. આ પ્રક્રિયા સર્જનશીલતામાં આશ્ચર્યજનક રીતે વધારો કરે છે.

એવી એક અન્ય વિશેષ પ્રવૃત્તિ યુનિવર્સિટીએ ખાસ ગાંધીનગરના વિદ્યાર્થીઓ માટે શરૂ કરી છે. મહિનાના પહેલા, બીજા અને ત્રીજા શનિવારને 'પ્રવૃત્તિ દિવસ' તરીકે રાખવામાં આવ્યા છે, જેમાં બપોરે ૨ થી ૫ વાગ્યા સુધી સંગીત, સંસ્કૃત, ચિત્રકામ, આર્ટ એન્ડ ક્રાફ્ટ, રમતો, નૃત્ય, અભિનય અને વાંચન જેવી પ્રવૃત્તિઓ યુનિવર્સિટીના તેમજ વિશેષ નિમંત્રિત તજજ્ઞો દ્વારા કરાવવામાં આવે છે. આ પ્રવૃત્તિમાં ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ હોંશભેર ભાગ લે છે.

આમ, શ્રી નરેન્દ્રભાઈએ ઉત્તમ મનુષ્યોના નિર્માણનું સેવેલું સ્વપ્ન સાકાર કરવા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીએ કમર કસી છે. સાચા અર્થમાં વિદ્યાર્થીનો સર્વલક્ષી વિકાસ અને ૩૬૦ નું શિક્ષણ કેવી રીતે કરી શકાય એ દિશામાં યુનિવર્સિટી પહેલ કરી રહી છે. સાચું કહું તો મને આ કામનું ગૌરવ, એનો આનંદ અને સંતોષ છે... અને આ કામ સરસ રીતે કરવા હું એક સરસ ટીમ નિર્માણ કરી શક્યો છું, જે એમની પૂર્ણ ક્ષમતાથી મને આ દૈવી કાર્યમાં મદદ કરી રહી છે.

ગુજરાતના સવા બે કરોડ બાળકોના હિતને હૈયે ધારણ કરીને ચાલતી આ યુનિવર્સિટીના સૂત્રધાર તરીકે બધા ગુર્જરજનોને

વંદન કરીને વિરમું છું.